**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૯.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૨૪ ટકા

# ચેહરનગરના વસાહતીઓએ સત્યાગ્રહ છાવણી ખાતે માટલા ફોડ્યા

## વર્ષોથી પાણીનો પ્રશ્ન નહીં ઉકેલાતા વસાહતીઓમાં રોષ ભભુક્યો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરના સે-૨૬ ક-૭ પાસે આવેલ ચેહરનગર વસાહતના નાગરીકોએ આજે સત્યાગ્રહ છાવણી ખાતે પાણીના પ્રશ્ને ધરણા યોજયા હતા. ત્યારબાદ મહિલાઓએ રેલી સ્વરુપે આગળ વધતા પોલીસે અટકાવતા માટલા ફોડીને તંત્ર સમક્ષ પોતાનો રોષ ઠાલવ્યો હતો. જયારે મહિલાઓએ સરકાર વિરુધ્ધ સુત્રોચ્ચાર કર્યા હતા. ચેહરનગર વસાહતનો પાણીનો પ્રશ્ન આગામી ૭ દિવસમાં યોગ્ય ઉકેલ નહીં આવે તો ગોરસ દ્વારા ગાંધી ચિંધ્યામાર્ગે આંદોલન કરવામાં આવશે. સત્યાગ્રહ છાવણી ખાતે ગોપાલક રચનાત્મક સમિતિના સભ્યો, માલધારી સમાજના આગેવાનો સહિત નાના બાળકો અને મહિલાઓ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.






ગાંધીનગર શહેરના સેકટર-૨૬ ક માર્ગ પાસે આવેલા ચહેરનગર વસાહતમાં ઘણા પરિવારો વસવાટ કરે છે. આ વિસ્તારમાં ગોપાલક પરિવારો પશુપાલનના વ્યવસાય સાથે સંકળાઈને જીવન નિર્વાહ કરી રહ્યા છે. ચેહરનગર વસાહતમાં પુરતા પ્રમાણમાં પીવાનું પાણી પ્રાપ્ત થઈ શકે તે માટે છેલ્લા ઘણા વર્ષોથી સ્થાનિક રહીશો દ્વારા ઉચ્ચકક્ષાએ લેખિત રજુઆત વારંવાર કરવામાં આવી છે. છતા આ સમસ્યાનું નિરાકરણ નહીં આવતા સ્થાનિક નાગરીકોમાં તંત્રની ઢીલી નીતિ સામે રોષ ઉભો થયો છે. ત્યારે ભુતકાળમાં પણ પીવાના પાણી મામલે ધરણા પ્રદર્શન યોજવામાં આવ્યા હતા. તંત્ર દ્વારા જે તે સમયે સ્થાનિક નાગરીકોને પીવાનું પાણી પુરુ પાડવામાં આવશે તેવી હૈયાધારણા આપી હતી. છતા પણ આજદીન સુધી પાણીનો પ્રશ્ન હલ થયો નથી. ઉનાળાની કાળઝાળ ગરમી પડી રહી છે ત્યારે સ્થાનિકો પાણીના ટેન્કર મંગાવે છે પરંતુ તે તેઓને આર્થિક રીતે પોષાય તેમ નથી. જેથી નાગરીકોને પાણી માટે વલખા મારવા પડે છે અને દુરદુરથી પાણી લાવવું પડે છે. ત્યારે ગોપાલક રચનાત્મક સમિતિ દ્વારા સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા યોજીને માટલા ફોડીને તંત્ર સમક્ષ રોષ નાગરીકોએ ઠાલવ્યો હતો. આ કાર્યક્રમમાં મોટીસંખ્યામાં માલધારી સમાજના ભાઈ બહેનો હાજર રહ્યા હતા.

**@ગાંધીનગર**

● દલિત સાહિત્ય વિમર્શ મંચ દ્વારા ડો. સોહનલાલ શાસ્ત્રીના પુસ્તક 'બાબાસાહેબ આંબેડકરના સંપર્કમાં ૨૫ વર્ષ' વિશે કવિ, વાર્તાકાર, વિવેચક ભી.ન. વણકરનું વ્યાખ્યાન સમિતિ ખંડ, ડો. આંબેડકર ભવન, સે-૧૨, ગાંધીનગર ખાતે સાંજે ૫.૩૦ કલાકે યોજાશે.



## વિદેશી દારૂની પેટીઓ ભરીને જતી વેરીટો કાર ઝડપાઈ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર એલસીબીની ટીમને બાતમી મળી હતી કે ગ્રામભારતીથી લીંબોદરા જતા રોડ ઉપર એક બિનવારસી પડેલી કારમાં વિદેશી દારૂની પેટીઓ ભરેલી છે. આ બાતમી આધારે સ્થળ પર તપાસ કરી વેરીટો ગાડી પકડી પાડી હતી. ગાડીમાં તપાસ કરતા અંદરથી રૂ. ૮૬,૪૦૦ની કિંમતની ૨૬૪ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. એલસીબીએ રૂ. ૨.૩૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને વધુ તપાસ શરુ કરી છે.

દારૂબંધીના કડક અમલ માટે પુરજોશમાં કવાયત હાથ ધરાઈ છે. એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીત તથા તરલ ભટ્ટની સુચનાથી તેમની ટીમો દારૂ જુગારની પ્રવૃત્તિઓ પર ખાસ વૉચ રાખી તેને અટકાવવા કામે લાગી છે. દરમિયાન પીએસઆઈ વી.એમ. ઝાલા તથા તેમની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડ કોન્સ્ટેબલ દિલીપસિંહને બાતમી મળી હતી કે ગ્રામભારતીથી લીંબોદરા તરફ જતા રોડ પર પ્રિયંકા સ્વપ્ન સંકુલ સોસાયટી સામે દારૂ ભરેલી જીજે ૧ એસ.એચ. ૦૫૮૧ નંબરની વેરીટો ગાડી બિનવારસી પડી છે. જે આધારે તપાસ કરતા ગાડીમાંથી ૨૬૪ નંગ વદેશી દારૂની બોટલો મળી આવી હતી.

એલસીબીએ ગાડી સહિત રૂ. ૨,૩૬,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરી દારૂ ભરેલી ગાડી કોણ મુકી ગયું હતું અને તેનો માલિક કોણ છે? તે ઉપરાંત માલ કોનો છે અને કયાંથી લાવ્યો હતો તે સહિતની તપાસ માટે આરોપી સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

## જિલ્લા દલિત સેના દ્વારા આંબેડકર જયંતિ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર જિલ્લા દલિત સેના બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રખ્યાત શરણાઈવાદન અને ઉપપ્રમુખ સ્વ. લાલજીભાઈ બારોટને બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી.

જેમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિની ઉજવણી, સુપ્રિમ કોર્ટના ચુકાદા સામે સખ્ત વિરોધ કરી કેન્દ્રીય મંત્રી રામવિલાસ પાસવાનને, રાજયપાલશ્રી ઓ.પી. કોહલીને આવેદનપત્ર આપવામાં આવશે તથા દરેક ગામમાં અનુસૂચિત જાતિના સ્મશાન ગૃહની માંગણી કરવામાં આવી હતી.

શ્રી બાબુભાઈ મેસરવાલા, ગુલાબચંદ પટેલ, દિનકરભાઈ પરમાર, દાનાભાઈ મિસ્ત્રી, મહેન્દ્રભાઈ પરમાર, પી.એમ. પરમાર, આમ.એમ. ચાણકય, ચંદ્રકાન્ત ત્રિવેદી, રમણભાઈ પરમાર, ખોડીદાન બારોટ વગેરે હોદ્દેદારો બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. આભારવિધિ રવિકાંત ચાણકયએ કરી હતી તેમ ઉપપ્રમુખ દાનાભાઈ કે. મિસ્ત્રીએ જણાવ્યું છે.

## વિના મુલ્યે દાંતની તપાસનો કેમ્પ

ગાંધીનગર, તા.૧૨

જલારામ મંદિર અવારનવાર અનેક સેવાકીય કાર્યો હાથ ધરે છે. જલારામ મંદિર, સેકટર-૨૯ ખાતે તા.૧૪-૦૪-૨૦૧૮ને શનિવારના રોજ કર્ણાવતી દાંતની હોસ્પિટલ, ઉવારસદ દ્વારા સવારે ૧૦થી ૧૨-૩૦ સુધી વિના મૂલ્યે દાંતની તપાસનો કેમ્પ રાખેલ હોઈ ગાંધીનગરની જનતાને આ કેમ્પનો લાભ લેવા સંસ્થા વતી વિનંતી કરાઈ છે.

## વોર્ડ નં. ૮માં ફુટપાથની સુવિધા માટે કોર્પોરેટર પ્રવિણાબેનની રજુઆત

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના ખ, ઘ, ચ, છ તથા સેકટર-૨૨માં રાહદારીઓ માટે રીંગ રોડ ઉપર ચાલવા માટે ફુટપાથ બનાવેલ છે. તેજ પ્રમાણે વોર્ડ નં. ૮ના વિસ્તારોમાં ફુટપાથ બનાવવા માટે પ્રવિણાબેન વોરાએ સરકારમાં રજુઆત કરેલ છે.

ચોમાસા દરમિયાન ગાંધીનગરના પશ્ચિમ વિભાગનું વરસાદી પાણી સે-૪માંથી વહે છે. કોળી સમાજ છાત્રાલય નજીકના ગરનાળામાં કચરો કાઢીને વરસાદી પાણીનો નિકાલ થાય તે માટે ખુલ્લુ કરવા સમગ્ર વિસ્તારની માંગણી છે. ૨૦૧૭માં અતિવૃષ્ટિ દરમિયાન પાણી ભરાયા હતા ત્યારે ઉચ્ચ અધિકારીઓ દ્વારા નિર્ણય લેવાયેલ પણ કોઈ કાર્યવાહી થયેલ નથી જેથી ચોમાસાના આગમન પહેલા જરુરી કાર્યવાહી કરવા માટે કોર્પોરેટર પ્રવિણાબેને રજુઆત કરેલ છે.

## મોબાઈલ ટાવરની ઓરડીમાંથી બેટરી ચોરતી ગેંગ પકડાઈ

### બાવળા પાસેથી ચોરેલી ૨૪ બેટરીઓ સાથે ખ-૩ સર્કલથી ત્રિપુટી ઝબ્બે : રૂ. ૫.૩૬ લાખનો મુદ્દામાલ જપ્ત






ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર એલસીબીની ટીમે ખ-૩ સર્કલથી સ્વીફ્ટ ડીઝાયર ગાડી લઈને જતા ત્રણ શકમંદોને પકડી પાડયા હતા. ગાડીમાંથી મળી આવેલી ૨૪ નંગ બેટરીઓ અંગે પુછતાછ કરતા આ બેટરીઓ બાવળા પાસે એક મોબાઈલ ટાવરની ઓરડીમાંથી ચોરી કરી હોવાનું બહાર આવ્યું હતું. એલસીબીની ટીમે ત્રણેયની રૂ. ૫.૩૬ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લઈ ઉંડી પુછપરછ શરુ કરી છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમ ખ-૩ સર્કલ પાસે વાહન ચેકીંગમાં હતી તે દરમિયાન એક સ્વીફ્ટ ગાડી નં. જીજે ૦૧ એફ.ટી. ૩૬૫૪ લઈને જતા ત્રણ શકમંદોને પકડયા હતા. ગાડી ચેક કરતા અંદરથી ૨૪ નંગ બેટરીઓ મળી આવી હતી. આ બેટરીઓના આધાર પુરાવા માંગતા સંતોષકારક જવાબ આપી ન શકતા ત્રણેયની ઊંડી પુછપરછ શરુ કરવામાં આવી હતી. તમામ ૨૪ બેટરીઓ તેમણે સાતેક દિવસ પહેલા અમદાવાદ જિલ્લાના બાવળા ગામના પ્રવેશદ્વાર પાસે આવેલા મોબાઈલ ટાવરની ઓરડીમાંથી ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. અમદાવાદ દસક્રોઈના જાફરઅલી ગુલામ રસુલ મલેક, સાહીલ કાલમીયા શેખ અને સરખેજના જાવેદ ઉર્ફે જાન મોહમંદ સીંધી ત્રણેયની રૂ. ૩૬ હજારની બેટરીઓ તથા ગાડી મળી કુલ રૂ. ૫.૩૬ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ કરી સઘન પુછપરછ હાથ ધરી છે.

## જય ભીમ ટ્રસ્ટ દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકર જયંતિ નિમિત્તે ભવ્ય નગરયાત્રા નીકળશે

ગાંધીનગર, તા.૧૨

ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૭મી જન્મ જયંતિના ઉજવણીના ભાગરૂપે ભવ્ય નગરયાત્રા તા. ૧૪મી એપ્રિલના રોજ જય ભીમ ટ્રસ્ટ દ્વારા સવારે ૮.૩૦ કલાકે સે-૨૪, રામાપીર મંદિરથી નીકળશે. નગરયાત્રામાં મોટી સંખ્યામાં જોડાવા માટે જણાવાયું છે.

નગરયાત્રાને ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર પ્રવિણભાઈ પટેલ તથા ડેપ્યુટી મેટર દેવેન્દ્રસિંહ સી. ચાવડા લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવશે. કોર્પોરેટર્સ ધીરૂભાઈ ડોડીયા, અંકિત બારોટ આમંત્રિત તરીકે આ પ્રસંગે ઉપસ્થિત રહેશે.

નગરયાત્રામાં બે ભવ્ય ટેબ્લો ૭૦ જેટલા બાઈક, ઉંટલારી, ટ્રેકટર, ગાડીઓ, પગપાળા સે-૨૪ રામાપીર મંદિરથી નીકળી સે-૨૩ થી ઘ-૫ થી, સે-૧૭-૨૨ થઈને જિલ્લા પંચાયત બિલ્ડીંગ થઈ ડૉ. બાબાસાહેબના પુતળે જશે. જેમાં રાત્રે ૮.૪૦ કલાકે લઘુ નાટીકાઓ , ૯.૪૦ કલાકે જય ભીમ ગરબાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે તેજસ્વી તારલાઓ, નવનિયુકત કર્મચારીઓ તથા નિવૃત્ત વડીલો અને ઉગતા હીરોનું પણ સન્માન કરવામાં આવશે. આ સાથે દિવસ દરમિયાન વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

## યુનિટી ઓફ ગાંધીનગર દ્વારા આંબેડકર જન્મજયંતિની ૧૨૭ કિલોની કેક કાપી ઉજવણી કરાશે

### ૧૨૭ ફુટ લાંબી અને ૧૨૭ કિલોગ્રામની કેક સમાજના ભૂલકાંઓના હસ્તે કાપવામાં આવશે

ગાંધીનગર, તા.૧૨

૧૪મી એપ્રિલે ગાંધીનગરમાં કાર્યરત યુનિટી ઓફ ગાંધીનગર દ્વારા ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની ૧૨૭મી જન્મજયંતિને અનુલક્ષી શહેરમાં ૧૨૭ ફુટ લાંબી તેમજ ૧૨૭ કિલોગ્રામની કેક સમાજના ભૂલકાંઓના હસ્તે કાપી ઉજવણી કરવામાં આવશે.

આગામી ૧૪મી એપ્રિલ ૨૦૧૮ એટલે વિશ્વ પ્રસિધ્ધ ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની જન્મજયંતિની દેશભરમાં ઉજવણી કરવામાં આવશે. જન્મજયંતિને અનુલક્ષી ગાંધીનગરમાં છેલ્લા ઘણા સમયથી કાર્યરત યુનિટી ઓફ ગાંધીનગર દ્વારા ગુજરાત વિધાનસભાની સામે સ્થિત ડૉ. આંબેડકરજીની પ્રતિમા સંકુલમાં ૧૨૭ ફુટ લાંબી અને ૧૨૭ કિલોગ્રામની કેક સવારે ૯ કલાકે કાપવામાં આવશે. સમાજના ભૂલકાંઓના હસ્તે કેક કાપી ઉજવણી કરવામાં આવશે. જેમાં મોટી સંખ્યામાં ગાંધીનગરમાં વસતા અનુસૂચિત જાતિ સમાજના સમાજબંધુ અને અગ્રણી જોડાશે.

ઉલ્લેખનીય છે કે ગત રવિવારના રોજ જન્મજયંતિના ઉપલક્ષમાં સેકટર-૧૨ ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે સમાજના યુવાનો માટે કેરિયર ગાઈડન્સ સેમિનારનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઈન્ડિયન ઈન્ફોર્મેશન સર્વિસમાં કાર્યરત ગાંધીનગરના ઉત્સવ પરમારે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળ થવા વિસ્તૃત માર્ગદર્શન પુરું પાડયું હતું. આ સેમિનારમાં સમાજના યુવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

ઉપરાંત રચનાત્મક પ્રવૃત્તિ કરતી આ સંસ્થા દ્વારા આગામી ૨૫મી જૂનના રોજ ગાંધીનગર શહેરના ૨૪મા વૃક્ષારોપણના કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

## કલરવ બાલોત્સવ ૩૦મીથી આરંભાશે

ગાંધીનગર, તા.૧૨

બાળ પ્રવૃત્તિઓને ઉત્તેજન આપતી ગાંધીનગરની સક્રિય સંસ્થા કલરવ દ્વારા છેલ્લા ૧૧ વર્ષથી ૭ થી ૧૪ વર્ષની ઉંમરના બાળકોને હેતુલક્ષી પ્રવાસ તેમજ તેમનામાંની સુષુપ્ત શકિતઓને આનંદ તથા મોજ મસ્તી સાથે બહાર લાવવાનો પ્રયાસ કરાય છે.

આ કાર્યક્રમ હેઠળ ઉનાળુ વેકેશનમાં ૧૦૦થી વધુ બાળમિત્રો, કલ્ચરલ તથા કલાના વિવિધ ક્ષેત્રોના તજજ્ઞો દ્વારા વિભિન્ન નૃત્યો, બોધવાર્તા, નાટિકા વગેરેની તાલીમ મેળવી ફિનાલે કાર્યક્રમ નગરના અગ્રણીઓ તથા વાલીઓની ઉપસ્થિતિમાં પ્રદર્શિત કરે છે. ચાલુ વર્ષે તા. ૩૦ એપ્રિલથી તા. ૧૨ મે દરમિયાન રોજ સવારે ૭.૫૦ થી ૧૧.૨૦ દરમિયાન બાલોત્સવ તાલિમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧-૪-૨૦૦૪ થી તા. ૩૧-૩-૨૦૧૧ દરમિયાન જન્મ તારીખ ધરાવતા ૭ થી ૧૪ વર્ષના બાળકો ભાગ લઈ શકશે. શિબિરનું રજીસ્ટ્રેશન www.kalravgandhinagar.org મારફતે કરી શકાશે. વાર્ષિક સભ્ય ફી રૂ. ૫૦ તેમજ શિબિર ફી રૂ. ૨૦૦ (નોન રીફંડેબલ) રાખેલ છે. ઓનલાઈન રજીસ્ટ્રેશન નંબર મેળવી રવિવાર સિવાય સાંજે ૫ થી ૭ કલાક દરમિયાન રોટરી કલબ ફિઝીયોથેરાપી સેન્ટર, પંચદેવ મંદિરની બાજુમાં, સે-૨૨ ગાંધીનગર ખાતે સભ્યપદ અને શિબિર ફીનું પેમેન્ટ કરી શકાશે. અરજી કરવાની તથા ફી સ્વીકારવાની છેલ્લી તારીખ ૨૬ એપ્રિલ સાંજે ૭ વાગ્યા સુધી છે તેમ પ્રમુખ કમલ જૈન દ્વારા જણાવાયું છે.

## ચિલોડા હાઈવે ઉપરથી ૧૫ ઘેટાંઓ ચોરી ગેંગ ફરાર

### કાનપુરની સીમમાં બે વાહનોમાં સશસ્ત્ર ટોળકી આવી ને ઘેટાંઓ માલિકની નજર સામે ચોરી ગઈ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર જિલ્લામાં હિંમતનગર-ચિલોડા હાઈવે ઉપર કાનપુર ગામની સીમમાં રાત્રે હથિયારો લઈને ૧૦ શખ્સોનું ટોળુ બે વાહનોમાં આવ્યું હતું અને ૧૫ ઘેટાંઓની ચોરી કરી આ ગેંગ માલીકની નજર સામે ફરાર થઈ ગઈ હતી. સઘન રાત્રી પેટ્રોલીંગના ફાંકા મારતી ચિલોડા પોલીસ આ હાઈવે ઉપરના ગામ પાસે બનેલી ઘટનાથી શરમજનક સ્થિતિમાં મુકાઈ છે. પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ આરંભી છે.

ચિલોડા હાઈવે ઉપર કાનપુર ગામની સીમમાં અમરતભાઈ ચૌધરીના ખેતરમાં સવાભાઈ મસરૂભાઈ ભરવાડ પોતાના ૫૦ જેટલા ઘેટાં-બકરા સાથે દશેક દિવસથી પંડાલ નાંખીને રહેતા હતા. રાત્રે બે શખ્સો દશેક શખ્સો, બે ગાડીઓ લઈને આવ્યા અને ધોકા-લાકડીઓ જેવા હથિયારો લઈને ઉતર્યા હતા. ૧૫ ઘેટાંઓ કિં. રૂ. ૪૫ હજારના ગાડીઓમાં ભરી લીધા હતા. ઘેટાં માલિક પશુપાલક જાગી ગયો હતો અને ચોરોને જોઈ રહ્યો હતો પરંતુ ડરના માર્યા ઉભો થયો ન હતો. રૂ. ૪૫ હજારના ઘેટાંની ઉઠાંતરી કરી આ ગેંગ ફરાર થઈ ગઈ હતી. ચિલોડા પોલિસે પશુપાલકની ફરિયાદ લઈ તપાસ આરંભી છે.

## ગાંધીનગર પ્રજાપતિ સમાજ દ્વારા પ્રવાસનું આયોજન

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર પ્રજાપતિ સમાજ દ્વારા એક દિવસીય પ્રવાસ પીપળીધામ તથા પાટડી સ્વામિનારાયણ મંદિર ખાતે તા. ૨૦મી એપ્રિલના રોજ આયોજન કરેલ છે. નામ નોંધાવવા માટે મંત્રી રાજેન્દ્રભાઈ પ્રજાપતિ (મો. ૯૮૨૫૦ ૨૧૮૫૩) તથા જશુભાઈ ઓઝા (મો. ૯૪૨૬૭ ૨૨૨૬૨)નો સંપર્ક કરવા મહામંત્રી રાજેન્દ્રભાઈ પ્રજાપતિએ જણાવેલ છે.

# મુકિતધામને મળી એક હજાર 'અસ્થિકુંભ'ની ભેટ...!!

### શહેરના સેવાભાવી નરેન્દ્ર રાવલે અસ્થિ એકત્ર કરવા માટે એક હજાર માટીની કુલડીઓ અર્પણ કરી

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર માત્ર ગુજરાતનું રાજકીય પાટગનર જ નથી પરંતુ સાંસ્કૃતિક અને સેવાકીય પ્રવૃત્તિઓથી ધબકતું શહેર પણ છે. શહેરના સેવાભાવી નાગરિકોની વિશિષ્ટ સેવાકીય પ્રવૃત્તિઓની સુવાસ ચોમેર પ્રસરી રહી છે. આજે પાટનગરના નિવૃત્ત સરકારી કર્મચારી દ્વારા સતત ૧૧મા વર્ષે શહેરના સ્મશાન મુકિતધામ ખાતે અસ્થિ વિસર્જન માટેના અસ્થિકુંભમાં વપરાતી માટીની એક હજાર કુલડીઓની વિના મુલ્યે ભેટ આપી શહેરની સેવા સુવાસને વધુ પ્રસરાવવા પ્રયાસ કરવામાં આવ્યો છે.

જેને સેવા કરવી જ છે તે કોઈ પણ રીતે કરી શકે છે. કોઈ ભૂખ્યાંને ભોજન કરાવે છે તો કોઈ નિર્વસ્ત્રને વસ્ત્રદાન કરે છે, કોઈ તરસ્યા માટે પરબો બંધાવે છે તો કોઈ રકતદાન કરે છે. ગાંધીનગરના નિવૃત્ત સકારી કર્મચારી નરેન્દ્ર રાવલ તેમની અનોખી સેવા પ્રવૃત્તિ માટે જાણીતા છે. તેમના હૈયે અબોલ પંખીઓ માટે ઋજુભાવ સતત ઉભરાતો હોય છે જેના પગલે તેઓ શહેરના દરેક મંદિરે વારાફરથી ઉભા રહી માટીની પક્ષી પરબોનું નાગરિકોમાં વિતરણ કરતા હોય છે. આ સાથે છેલ્લા ૧૦ વર્ષથી તેઓ શહેરના સ્મશાને અસ્થિ ભરવા માટેની માટીની કુલડીઓની ભેટ આપે છે. આ વર્ષે પણ તેમણે મુકિતધામને આજે ૧ હજાર કુલડીઓની ભેટ આપી છે. અત્રે ઉલ્લેખનીય છે કે હિન્દુ ધર્મમાં અંતિમ સંસ્કાર બાદ મૃતાત્માના શરીરની અસ્થિઓનું પવિત્ર ગંગા નદીમાં વિસર્જન કરવાની પ્રથા છે જેના કારણે મૃતાત્માને મુકિત પ્રાપ્ત થાય છે તેવું માનવામાં આવે છે. અસ્થિ વિસર્જન માટે અંતિમ સંસ્કાર બાદ અસ્થિ એકત્ર કરવા અને તેને વિસર્જન સુધી સાચવી રાખવા માટેની કુલડીનો ઉપયોગ કરવામાં આવે છે. જે મુકિતધામ ખાતે અસ્થિ એકત્ર કરવા આવેલા મૃતકના સ્વજનને પુરી પાડવામાં આવે છે. ગાંધીનગરમાં વર્ષ દરમિયાન આશરે ૩ હજાર થી વધુ કુલડીઓ વપરાય છે જેથી નરેન્દ્ર રાવલ દ્વારા આપવામાં આવેલી આ ભેટને મુકિતધામના સંચાલકો દ્વારા બિરદાવવામાં આવી હતી. મુકિતધામ વતી આ ભેટ મેનેજર કિરણસિંહ વાઘેલાએ સ્વીકારી હતી.



## ચિરવિદાય

- સ્વ. હિરાબેન બદાજી ઠાકોર, ઉ.વ. ૮૦
- સ્વ. શાંતાબેન પુંજાજી ઠાકોર, ઉ.વ. ૬૫